# USAની પ્રતિષ્ઠિત સ્કોલરશીપ માટે વિશ્વની 119 યુનિ.ના 2800 વિદ્યાર્થીઓમાંથી અમદાવાદની વિદ્યાર્થિની સિલેક્ટ

## ચીનની યુનિ.માં અભ્યાસ માટે અપાતી શ્વૉર્ઝમેન સ્કોલરશીપ માટે પસંદગી પામનારી અરનાઝ અમીર ભારતની ફર્સ્ટ લેડી લૉયર

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

અમેરિકાના શ્વૉર્ઝમેન ફાઉન્ડેશન દ્વારા ગ્લોબલ લેવલ પર અપાતી શ્વૉર્ઝમેન સ્કોલરશીપ માટે વિશ્વની 119 યુનિવર્સિટીના 2800 વિદ્યાર્થીઓમાંથી ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ અરનાઝ અમીરની પસંદગી થઈ છે. સોશિયલ, પોલિટિકલ અને ઈકોનોમિ ક્ષેત્રે યંગ લીડર્સ શરૂ કરવાના હેતુ સાથે 2016માં શરૂ કરાયેલી આ સ્કોલરશીપ માટે સિલેક્ટ થનારી અરનાઝ ભારતની પ્રથમ લેડી લૉયર છે. તે ગ્લોબલ અફેર પ્રોગ્રામ હેઠળ અભ્યાસ કરવા 2019માં બેઈજિંગ જશે.



• અરનાઝ અમીર

## હાલ રાજ્યસભાના સાંસદને પ્રશ્નોત્તરી તૈયાર કરવામાં મદદ કરી રહી છે

સાંસદોને રિસર્ચવર્ક, પર્સનલ બિલ, ડિબેટ અને પ્રશ્નોત્તરી માટે રિસર્ચ અને ડ્રાફ્ટિંગમાં હેલ્પ માટે પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચ દ્વારા વિદ્યાર્થીઓને LAMP (લેજિસ્લેટિવ અસિસ્ટન્ટ ટુ મેમ્બર ઓફ પાર્લામેન્ટ) ફેલોશીપ ઓફર કરવામાં આવે છે. અરનાઝ હાલ આ ફેલોશીપ અંતર્ગત રાજ્યસભાના સાંસદ નરેન્દ્ર જાદવ સાથે કામ કરી રહી છે. તે સાંસદને પ્રશ્નોત્તરી તૈયાર કરવા સહિતના કાર્યોમાં મદદ કરી રહી છે.

### કઈ રીતે થયુ સિલેક્શન

આ સ્કોલરશીપની કુલ સિટમાંથી અમેરિકન મૂળના સ્ટુડન્ટ્સ માટે 40 ટકા અને ચીનના સ્ટુડન્ટ્સ માટે 20 ટકા બેઠકો રિઝર્વ રાખવામાં આવે છે. બાકીની 40 ટકા બેઠકો માટે વિશ્વભરની યુનિવર્સિટીઓમાંથી વિદ્યાર્થીઓ એપ્લાય કરતા હોય છે. કુલ એપ્લિકેશનમાંથી માત્ર 5 ટકા જ સ્ટુડન્ટ્સ જ પસંદગી પામતા હોય છે. અરનાઝે કોલેજમાં અને તે પહેલા કરેલા વર્કમાં તેના લીડરશીપના ગુણને ધ્યાનમાં રાખીને તેની ઈન્ટરવ્યૂ માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં તે સિલેક્ટ થઈ હતી.

### આ વર્કમાં લીડરશીપના ગુણો ધ્યાનમાં રખાયા

- GNLUની આસ-પાસના ગામડાંના લોકોની હેલ્પ માટે લિગલ એડ ક્લિનિક શરૂ કર્યુ
- હોમોસેક્સ્યૂઅલ્સની હેલ્પ માટે જેન્ડર એન્ડ સેક્સ્યૂઆલિટી ફોરમની રચના કરી
- પોતાની યુનિવર્સિટીમાં એક મેગેઝિન પણ ચલાવે છે